**ફો.પ.અ.નં.૨૭/૨૦૨૬**

**જામજોધપુર ના મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબ ની કોર્ટમાં,જામજોધપુર**

(૧) **પાલાભાઈ રામાભાઈ છેલાણા** ઉ.વ–પ૬
રહે.મોડપર ગામ, ગુલાબસાગર નેશ,
તા.ભાણવડ, જી. દેવભુમી દવારકા.

**........ અરજદાર/આરોપીઓ**

**વિરુધ્ધ**

**શ્રી સરકાર ........ સામાવાળા**

**વિષય:– ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૪૮૦ અન્વયે રેગ્યુલર જામીન અરજી**

---

| | | |
|---|---|---|
| **અરજદાર તરફે વિ.વ.શ્રી** | : | **પી.સી.મકવાણા** |
| **સામાવાળા શ્રી સરકાર તરફે** | : | **ત.ક.અ. શ્રી.** |

---

આ કામના અરજદાર / આરોપીઓ સામે બી.એન.એસ. એકટ ની કલમ ૩૦૩(૨), મુજબનો ગુનો જામજોધપુર પોલિસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૧૨૦૨૦૨૬૨૬૦૧૯૯/૨૦૨૬ થી નોંધાયેલ છે. જે ગુનાના કામે જામીન ઉપર મુકત થવા માટે હાલની જામીન અરજી કરેલ છે.

જામીન અરજી તથા રજુ થયેલ કાગળો તથા ત.ક.અ.શ્રી. ને સાંભળ્યાં તથા અરજદાર/આરોપીઓ તરફે વિ.વશ્રી પી.સી.મકવાણા ને સાંભળ્યા.

બચાવ પક્ષના વિ.વશ્રી એ તેમની જામીન અરજીમાં જણાવેલ છે કે આરોપીઓ નિર્દોષ અને બેકસુરવાન છે તથા જયુડીશ્યલ કસ્ટડીમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ પનિશમેન્ટ થાય તેમ હોય તેમજ ગુજરાત રાજયના સ્થાનિક કાયમી રહીશ છે અને કુટુંબ કબીલાવાળા વ્યક્તિ છે. ટ્રાયલ દરમ્યાન નિયમિત હાજર રહેશે નામ કોર્ટ જે શરતો ફરમાવે તે પાલન કરવા તૈયાર છે આરોપી ઘરમા એક માત્ર કમાવનાર વ્યકતી છે. આરોપી પર આવા અન્ય કોઇ નોંધાયેલા નથી. તે હકિકત દયાને લઇ જામીન પર મુકત કરવા દલીલ કરેલ છે.

આજરોજ એ.પી.પી.શ્રી ઉપલ્બધ ન હોય ત.ક.અ શ્રી હાજર છે અને જામીન અરજી લગત શેરો કરી આરોપી આરોપી ને જામીન મુકત કરવામાં આવશે તો ફરી આ પ્રકારના ગુના કરે તેમ નકારી શકાયનહી તેમ મુદતે હાજર રહેશે નહી જેથી આરોપીને જામીન મુકત ન કરવા અરજ કરેલ છે. અને તે મુજબ રજુઆત કરેલ છે.

ઉપરોકત બંને પક્ષકારોની રજુઆતો દયાને લીધી તથા કેસ પેપર્સ વંચાણે લીધા. સદર ગુનાના કામે આરોપીઓ સામે બી.એન.એસ.એકટની કલમ ૩૦૩(૨) મુજબનો ગુનો નોંધાયેલ છે. સદર કામે એફ.આઇ.આર.વંચાણે લેતાં આરોપીએ ફરીયાદીનુ મોટરસાઇકલ કિ. રૂ.૧૫,૦૦૦/– ની ચોરી કરેલ હોવાનો પ્રથમદર્શી આક્ષેપ છે ત્યારે આરોપી સામેના આક્ષેપિત ગુનાની સજાની જોગવાઇ દયાને લેતાં એક વર્ષથી ઓછી નહી પરંતુ પાંચ વર્ષ સુધીની સજાની જોગવાઇ તથા દંડની જોગવાઇ રહેલ હોય ત્યારે જામીન અરજી નકકી કરવા સમય આરોપીની બંધારણીય સ્વતંત્રતા તથા ગુનાની ગંભીરતા અને તેની અસરો વચ્ચે સંતુલન જાળવી નિર્ણય કરવાનો હોય છે. આ કામે આરોપી સામે આવા અન્ય કોઇ ગુના નોંધાયેલ છે તેવી તપાસ કરનાર અધીકારીશ્રીની કોઇ રજુઆત નથી તેમજ આરોપી સામેના આક્ષેપીત ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા આ કોર્ટને રહેલ છે. તેમજ આરોપી ભાણવડ તાલુકાના સ્થાનીક રહેવાસી હોય આરોપીની ટ્રાયલ સમય દરમીયાન હાજરી સુનીસ્ચીત કરી શકાય તેમ છે. વધુમાં હાલના ગુનાની ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ હોય જો તે દરમ્યાન આરોપી જેલ માં રહે તો પ્રી ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ હોય તેમજ જામીન તે નીયમ જેલ તે અપવાદનો સીધ્ધાંત તેમજ નામ. સુપ્રીમ કોર્ટ દવારા સંજય ચંદ્રા વી. સી.બી.આઇ ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સીધ્ધાંતો ધ્યાને લેતા તેમજ ગુનાની ગંભીરતા આરોપીનો રોલ આરોપીની હાજરીનુ પાસુ તેમજ એફ.આઇ.આરમા હાલના આરોપીનુ નામ જણાવેલ ન હોય ત્યારે બી.એન.એસ.એસ.નીકલમ ૪૮૦ અન્વયે મળેલ બીન જામીન લાયક ગુનામાં જામીન આપવાની સ્વવિવેકની સત્તાનો ઉપયોગ કરવો ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ન્યાયોચિત જણાતો હોય હાલની આરોપી ને કડક શરતો ને આધીન સધ્ધર જામીન પર મુકત કરવો ઉચીત જણાતુ હોય જેથી હાલની અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –: હુકમ :–

**અરજદાર / આરોપીની હાલની જામીન અરજી મંજુર કરવામાં આવે છે અને આરોપીએ રૂ.૧૫,૦૦૦/– ના સધ્ધર જામીન અને તેટલીજ રકમનો જાત મુચરકો તથા રોકડ જામીનગીરી પેટે રૂા.૫૦૦૦/– રજુ કર્યેથી નીચેની શરતોને આધિન જામીન પર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**શરતો :–**

(૧) ફરીયાદ પક્ષના સાહેદોને ધાક ધમકી કે લાલચ કે પ્રલોભન આપવું નહી.

(૨) આરોપીએ તથા જામીનદારે રહેઠાણનું ચોક્કસ સરનામું સોગંદનામા દ્વારા મોબાઇલ નંબર સાથે જાહેર કરવું.

(૩) આરોપીએ ચાર્જશીટ થતા સુધી ૧ થી ૧૦ તારીખ સુધીમાં સબંધિત પોલિસ સ્ટેશનમાં હાજરી પુરાવવી.

(૪) આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો અત્રેની કોર્ટમાં જમાં કરાવવો અન્યથા સોગંદનામાથી જાહેર કરવું.

(૫) આરોપીએ ટ્રાયલ ચાલતા દરમ્યાન આ કોર્ટની પુર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.

(૬) આરોપીએ આવા કે અન્ય ગુનાઓમાં પોતાની જાતને સંડોવવી નહી.

**હુકમ આજરોજ તા.૨૦મી, માહે– માર્ચ, સને– ૨૦૨૬ ના રોજખુલ્લી અદાલત વાંચી સંભળાવી જાહેર કર્યો.**

તા. ૨૦/૦૩ /૨૦૨૬
સ્થળ:– જામજોધપુર

(એન. આર. ગોહેલ)
જ્યુડી.મેજી.ફ.ક.,
જામજોધપુર
(જી. જે. – ૦૧૫૮૪)